કઠોદરા ગામ બીમારીના ભરડામાં સપડાયું

શરદી, ખાંસી, તાવ, ઝાડા, ઊલટીના કારણે ઘરેઘર માંદગીના ખાટલા

કિરણ ઢોડિયા

કીમઃ કઠોદરા ગામમાં છેલ્લા એક સપ્તાહથી રોગચાળાએ માથું ઊંચક્યું છે અને હાલ સમગ્ર ગામ આ બીમારીના ભરડામાં સપડાયું હોવાનું સામે આવ્યું છે. ગામમાં નાનાં બાળકોથી લઈ વૃદ્ધો સુધી તમામ વયના લોકો બીમારીનો ભોગ બની રહ્યા છે, જેના કારણે ગામમાં ચિંતાનો માહોલ સર્જાયો છે.

મળતી માહિતી મુજબ ઓલપાડના કઠોદરા ગામમાં શરદી, ખાંસી, તાવ સાથે સાથે ઝાડા અને ઊલટી જેવી સમસ્યાઓ મોટા પાયે જોવા મળી રહી છે.

હાલ પરિસ્થિતિ એવી છે કે કઠોદરા ગામમાં લગભગ દરેક ઘરમાં કોઈને કોઈ વ્યક્તિ બીમાર છે અને ઘર ઘર ખાટલા પથરાયેલા જોવા મળી રહ્યા છે. અનેક દર્દીઓએ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવી પડી રહી છે, જેના કારણે લોકો પર આર્થિક બોજ પણ વધી રહ્યો છે.

ગામલોકોમાં ખાસ કરીને પીવાના પાણી અંગે ગંભીર શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે ગામમાં આવતું પાણી શુદ્ધ નથી અને એ જ રોગચાળાનું મુખ્ય કારણ હોઈ શકે છે. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા પાણીની સમસ્યાને કારણે ખોદકામ કરવામાં આવ્યું હતું, પરંતુ તે ખાડો હજુ સુધી પૂરવામાં આવ્યો નથી, જેના કારણે ગંદકી અને પાણી પ્રદૂષણની શક્યતા વધી છે.

હાલ કઠોદરા ગામમાં પરિસ્થિતિ ચિંતાજનક બની છે અને જો તાત્કાલિક અસરકારક પગલાં નહીં લેવાય તો રોગચાળો વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી શકે તેવી ભીતિ સેવાઈ રહી છે. ગામલોકો તંત્ર પાસે તાત્કાલિક સ્વચ્છ પાણી, યોગ્ય સારવાર અને સેનિટેશનની વ્યવસ્થા કરવાની માંગ કરી રહ્યા છે.

આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો

આ સમગ્ર મામલો બહાર આવતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો છે. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ગામમાં ડોર ટુ ડોર સરવે શરૂ કરવામાં આવ્યો છે. સાથે જ રોગચાળાને કાબૂમાં લેવા માટે દવાઓનું વિતરણ કરવામાં આવશે અને પાણીના સેમ્પલો પણ લેવામાં આવશે. જેથી રોગચાળાનું સાચું કારણ જાણી શકાય.

કઠોદરા ગામના આ વિસ્તારમાં બીમારીના કેસો

કઠોદરા ગામે છેલ્લા એક સપ્તાહથી લોકો બીમારીમાં સપડાયા છે, જેમાં મુખ્યત્વે ટેકરા ફળિયું, માહ્યાવંશી ફળિયું, મસ્જિદ ફળિયું, નિશાળ ફળિયું વિસ્તારમાં અનેક તેમજ અન્ય વિસ્તારોમાં એક સપ્તાહ સમયાંતરે બીમારીના કેસો સામે આવ્યા હતા. જેઓએ ખાનગી હોસ્પિટલ ક્લિનિકમાં સારવાર લીધી હતી.

5 કેસ સામે આવ્યા છે, સરવે ચાલુ છેઃ ચિરાગ પટેલ

આ અંગે તાલુકા હેલ્થ ઓફિસર સાથે જણાવ્યું હતું કે, બપોરે જાણ થઈ છે. ટીમ સેમ્પલ્સ લઈ તપાસ કરી રહી છે. ૫ કેસ ડિટેક્ટ થયા છે. પાણીજન્ય ડાયેરિયા કેસ સામે આવી રહ્યા છે. અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. પાણી સેમ્પલ લેવાયાં છે.

'ચોર' પલસાણા પોલીસને દ્વારેઃ ચોકી બહાર જ વાહનોમાંથી ટાયર્સની ચોરી

વાહન માલિકો જ્યારે વાહનો છોડાવવા આવે છે ત્યારે ખબર પડે છે, પૈડાં જ નથી

ઇલ્યાસ શેખ

પલસાણાઃ પલસાણા પોલીસ મથકની કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરી સામે હાલ ગંભીર સવાલો ઊભા થયા છે. પોલીસ વિભાગ દ્વારા એક સૂત્ર આપવામાં આવ્યું છે કે પોલીસ આપને દ્વાર. આ સૂત્રને તસ્કરો સાર્થક ઠેરવતા હોય તેમ પોલીસ તો લોકોના દ્વારે પહોંચવામાં સફળ રહી નથી, પરંતુ હવે હવે ચોર પોલીસને દ્વાર ચોક્કસ પહોંચી રહ્યા છે. પલસાણા પોલીસ સ્ટેશનની બિલકુલ સામે ડિટેઇન કરવામાં આવેલાં અને વિવિધ ગુનાઓમાં કબજે લેવાયેલાં વાહનો હવે તસ્કરોના નિશાને છે. આશ્ચર્યની વાત તો એ છે કે, જ્યાં ખાખીનો પહેરો હોવો જોઈએ તે જ સ્થળેથી વાહનોનાં ટાયરોની ચોરી થવાની ઘટનાઓ પ્રકાશમાં આવતાં પોલીસની આબરૂના ધજાગરા ઊડ્યા છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પોલીસ સ્ટેશનની સામેના મેદાનમાં પાર્ક કરેલી ટ્રકો અને અન્ય મોટાં વાહનોમાંથી સમયાંતરે ટાયરોની ચોરી થઈ રહી છે. તસ્કરો એટલા બેફામ બન્યા છે કે તેમને પોલીસનો પણ ડર રહ્યો નથી. વાહન માલિકો જ્યારે પોતાનાં વાહનો છોડાવવા આવે છે ત્યારે તેમને ટાયરો ગાયબ હોવાનું માલૂમ પડે છે. આ ઘટનાને પગલે લોકોમાં એવી ચર્ચાઓએ જોર પકડ્યું છે કે, જો પોલીસ પોતાના કબજા હેઠળનાં વાહનો સુરક્ષિત રાખી શકતી ન હોય, તો સામાન્ય જનતાની સુરક્ષાનું શું? માત્ર ટાયર ચોરી જ નહીં, પરંતુ પલસાણા પોલીસ મથકની હદમાં બાઇક ચોરીના કિસ્સાઓમાં પણ ધરખમ વધારો થયો છે. વારંવાર બનતી આ ગુનાહિત પ્રવૃત્તિઓને કારણે જનતામાં પોલીસ પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાત્રિ પેટ્રોલિંગના દાવાઓ વચ્ચે તસ્કરો બિનધાસ્ત ચોરી કરી રહ્યા છે, જે પોલીસની નિષ્ફળતા સાબિત કરે છે. ઉચ્ચ અધિકારીઓ આ મામલે તપાસ કરી પલસાણા પોલીસની છબી સુધારે અને તસ્કરોને જેલના સળિયા પાછળ ધકેલે તેવી લોકમાંગ ઊઠી છે.

ચૂંટણીની જાહેરાત છતાં બારડોલીમાં આચારસંહિતાના લીરેલીરા ઊડ્યા

હોર્ડિંગ્સ અને બેનરો મોડી સાંજે હટાવાયાં

બારડોલીઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનું બ્યુગલ વાગતાની સાથે જ સમગ્ર વહીવટી તંત્રમાં આદર્શ આચારસંહિતા અમલી બની ગઈ છે. જો કે, બારડોલી નગર અને તાલુકા વિસ્તારમાં આચારસંહિતાના કડક પાલન અંગે તંત્રની ઉદાસીનતા સામે આવી રહી હતી. ચૂંટણી જાહેર થયાના 6 દિવસ બાદ પણ અનેક જાહેર સ્થળોએ રાજકીય પક્ષોનાં બેનરો અને

નેતાઓની તસવીરો યથાવત જોવા મળી હતી. પરંતુ મોડે મોડે તંત્રને ભાન થતાં હોર્ડિંગ્સ અને બેનરો હટાવી લીધાં હતાં.

બારડોલીના ઉમરાખ બસ સ્ટેન્ડ જેવા જાહેર સ્થળ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્થાનિક ધારાસભ્ય ઈશ્વર પરમારના ફોટાવાળાં હોર્ડિંગ્સ જોવા મળ્યાં હતાં. આથી આચારસંહિતાનો ભંગ થતો હતો. જો કે, ગ્રામ્ય વિસ્તારોમાં નેતાઓનાં નામ સાથેના બાકડા પરથી હજુ સુધી વિગતો દૂર કરવામાં આવી નથી. નિયમ મુજબ ચૂંટણી જાહેર થતા જ સરકારી કે જાહેર મિલકતો પરથી રાજકીય પ્રચાર સામગ્રી દૂર કરવાની હોય છે, પરંતુ બારડોલીમાં રાજકીય પક્ષો અને સ્થાનિક તંત્ર આ બાબતે ઘોર નિદ્રામાં જણાયા હતા. હવે જોવાનું એ રહે છે કે ચૂંટણી પંચ આ મામલે કેટલી ઝડપી કાર્યવાહી કરે છે.

બારડોલીમાં 9 વોર્ડની 36 બેઠકની ચૂંટણી માટે ઉત્સાહ, 84 ફોર્મ ઉપડયાં

મોટી સંખ્યામાં દાવેદારો મેદાનમાં આવતાં ચૂંટણીલક્ષી વાતાવરણમાં ગરમાટો

બારડોલીઃ બારડોલી નગરપાલિકા ની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યું છે અને તેની સાથે જ શહેરના જાહેર ચોકોથી લઈને પક્ષોના કાર્યાલયો સુધી માત્ર ચૂંટણીની જ ચર્ચાઓ સંભળાઈ રહી છે. સોમવારે ઉમેદવારીપત્રક મેળવવાના પ્રથમ દિવસે જ જે પ્રકારે 84 ફોર્મ ઉપડ્યાં છે, તેણે રાજકીય પંડિતોને પણ વિચારતા કરી દીધા છે. 36 બેઠક માટે આટલી મોટી સંખ્યામાં દાવેદારો મેદાનમાં આવતાં ચૂંટણીલક્ષી વાતાવરણમાં એકાએક ઉછાળો આવ્યો છે. પ્રથમ દિવસે જોવા મળેલો આ ઉત્સાહ આગામી મતદાન સુધી જળવાઈ રહેશે તેમ લાગી રહ્યું છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ 9 વોર્ડના મતદારો પોતાના પ્રતિનિધિઓ ચૂંટશે. પ્રથમ દિવસે ફોર્મ લેનારાઓમાં જૂના જોગીઓ તેમજ નવા ચહેરાઓનું મિશ્રણ જોવા મળ્યું હતું. રાજકીય પક્ષો અત્યારે આંતરિક સર્વે અને બેઠકોના ગણિત ગોઠવવામાં વ્યસ્ત છે, ત્યારે બીજી તરફ ઉમેદવારી કરવા ઈચ્છતા લોકોએ અત્યારથી જ જનસંપર્ક શરૂ કરી દીધો છે. પાલિકા વિસ્તારના વિકાસના મુદ્દાઓ, પ્રાથમિક સુવિધાઓ અને સ્થાનિક સમસ્યાઓ આ ચૂંટણીના કેન્દ્ર સ્થાને રહેવાના છે. પ્રથમ દિવસના આ આંકડા બાદ હવે જોવાનું એ રહે છે કે કેટલા ઉમેદવારો ખરેખર મેદાનમાં ટકી રહે છે અને પક્ષો દ્વારા કયા માપદંડોના આધારે ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે. બારડોલીનું આ રાજકીય વાતાવરણ અત્યારે ચરમસીમાએ છે.

ભરૂચમાં જમિયત ઉલમા-એ-હિંદનો UCC સામે ઉગ્ર વિરોધ

સમાન નાગરિક સંહિતા બંધારણીય અધિકારો પર તરાપના આક્ષેપ સાથે કલેક્ટરને આવેદન

ભરૂચઃ ભરૂચ શહેર અને જિલ્લામાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) 2025ના વિરોધમાં જમિયત ઉલમા-એ-હિંદ ગુજરાત અને જમિયત ઉલમા વેલફેર ટ્રસ્ટ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં 25 માર્ચ-2025ના રોજ ગુજરાત વિધાનસભામાં પસાર કરવામાં આવેલા 'ગુજરાત સમાન નાગરિક સંહિતા-2025' બિલ મુદ્દે મુસ્લિમ સમાજ અને વિવિધ સંગઠનોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. જમિયત ઉલમાના પ્રતિનિધિ મંડળે ભરૂચ કલેક્ટરને સુપરત કરેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, આ બિલ ભલે તમામ નાગરિકો માટે સમાન કાયદાની વાત કરતું હોય, પરંતુ તે વાસ્તવમાં વિવિધ ધાર્મિક સમુદાયોની સદીઓ જૂની પરંપરાઓ અને ખાસ કરીને મુસ્લિમ સમાજના વ્યક્તિગત કાયદા એટલે કે પર્સનલ લો પર ગંભીર અસર કરી શકે તેમ છે. સંસ્થા દ્વારા એવી વેધક દલીલ કરવામાં આવી છે કે આ કાયદો ભારતીય બંધારણની કલમ-14 હેઠળ મળેલા કાયદા સમક્ષ સમાનતાના અધિકાર અને કલમ-25 હેઠળ મળેલી ધાર્મિક સ્વતંત્રતાના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. આ નવો કાયદો અલ્પસંખ્યક સમુદાયોના પરંપરાગત અને ધાર્મિક હકોમાં સીધી દખલગીરી સમાન હોવાનું પણ આવેદનપત્રમાં ભારપૂર્વક નમૂદ કરવામાં આવ્યું છે. જમિયત ઉલમા-એ-હિંદે આક્ષેપ કર્યો છે કે લોકશાહીમાં કોઈપણ નવો કાયદો લાદતા પહેલા વિવિધ સમુદાયોના ધર્મગુરુઓ અને સામાજિક અગ્રણીઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી સહમતી સાધવી અનિવાર્ય છે, જે આ કિસ્સામાં કરવામાં આવી નથી. રાજ્ય સરકાર આ વિવાદાસ્પદ કાયદા પર ગંભીરતાપૂર્વક પુનર્વિચાર કરે અને તમામ ધર્મના લોકોના બંધારણીય જોગવાઈઓનું જતન થાય તે દિશામાં યોગ્ય પગલાં લે તેવી માંગણી સાથે આ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુસ્લિમ સમાજના અનેક અગ્રણીઓ અને ટ્રસ્ટના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માંગરોળ ટીપીઓએ મોસાલી પ્રાથમિક શાળા પરીક્ષા ખંડની મુલાકાત લીધી

સુરતઃ સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત જિલ્લાની તમામ પ્રાથમિક શાળામાં આજથી વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ થયો છે. ધો.3થી 5ના વિદ્યાર્થીઓની પરીક્ષાનો પ્રથમ દિવસ હોવાથી માંગરોળ તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટીપીઈઓ પીયૂષભાઈ ગામીતે મોસાલી પ્રાથમિક શાળાના વર્ગની મુલાકાત લીધી હતી અને પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમની સાથે સી.આર.સી. નીલમબેન ગામીત પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

સંક્ષિપ્ત સમાચાર

ઉંભેળ નજીક બાઈક સ્લિપ ખાઈ જતાં યુવાનનું મોત

કામરેજઃ મૂળ મહારાષ્ટ્રના જલગાંવ ગામના વતની અને હાલ સુરતના ઉધનાના ભરતનગર બાજુમાં રહેતો ચેતન વસંત મકવાણે (ઉ.વ.29) બાઈક નં.(જીજે 05 એમવાય 4230) લઈ આઠ દિવસ અગાઉ ઘરેથી નીકળી કામરેજના ઉંભેળ ગામ તરફ જતાં સાંજે 4 કલાકે જતાં બાઈક સ્લિપ થઈ ગઈ હતી. આથી ચેતનને શરીરે ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જેનું સારવાર દરમિયાન મોડી રાત્રે હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એક વર્ષથી દારૂના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

બારડોલી : બારડોલી રૂરલ પોલીસ દ્વારા છેલ્લા એક વર્ષથી પ્રોહિબિશનના ગુનામાં નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે. પોલીસને બાતમી મળી હતી કે વોન્ટેડ આરોપી જાવેદ ઉર્ફે જાવેદ સૈયદ હાલ સરભોણ કાની ચાર રસ્તા પાસે ઊભો છે. આ આરોપી વર્ષ-2025માં નવી કીકવાડ ગામની સીમમાં નેશનલ હાઈવે નં.43 પર ઝડપાયેલા રૂ.1,03,320ની કિંમતના વિદેશી દારૂના જથ્થાના કેસમાં સંડોવાયેલો હતો. તે સમયે અન્ય આરોપી પકડાઈ ગયો હતો, પરંતુ જાવેદ સફેદ કલરની કિયા સોનેટ કારમાં પાયલોટિંગ કરી ફરાર થઈ ગયો હતો. ઝડપાયેલ આરોપી જાવેદ સિરાજ શેખ (ઉ.વ.32) (રહે.,સલાબતપુરા, સુરત) વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી તેને જેલભેગો કરવામાં આવ્યો છે.

કામરેજના માંકણા નજીક મહિલાનો આપઘાત

કામરેજઃ મૂળ ગીર સોમનાથના આમળાસગીરના વતની અને હાલ કામરેજના માંકણા ગામે રાધેકિષ્ના સોસાયટીમાં રહેતા કિરીટ ચુનીભાઈ ચૌહાણ સિલાઈકામ કરી પરિવાર સાથે રહે છે. રવિવારે કામરેજ ગામ નજીક રહેતા સાઢુ ભાઈને ત્યાં બપોરે જમવા માટે જવાનું હતું. પરંતુ સિલાઈકામ વધારે હોવાથી પત્નીને જમવા માટે જણાવ્યું હતું. પરંતુ પત્ની અલ્પાબેન (ઉ.વ.49)એ પતિને જણાવ્યું કે, તમે સાથે આવશો તો જ હું જઈશ. બાદ રાત્રે જમીને પતિ-પત્ની બેઠાં હતાં અને બોલાચાલી થતાં પત્ની બેડરૂમમાં જઈને ઊંઘી ગઈ હતી. કિરીટભાઈ ટીવી જોતા જોતા આગળના રૂમમાં ઊંઘી ગયા હતા. સોમવારે સવારે જાગીને પત્નીને રૂમને જગાડવા જતાં બેડરૂમનો દરવાજો ખખડાવતા છતાં પણ ન ખોલતાં મકાનના પાછળની ગેલેરીમાંથી બારી ખોલીને જોતાં પત્નીએ પંખાની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કામરેજમાં આડેધડ લક્ઝરી બસ ઊભી રાખનારા સામે પોલીસની કાર્યવાહી

કામરેજઃ સુરત શહેરના પ્રવેશદ્વાર ગણાતા કામરેજ ચાર રસ્તા પર હાલમાં જ રાજ્યમાં મોટા પાયે થયેલી પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલીમાં કામરેજ પોલીસ મથકમાં નિમણૂક થયેલા પોલીસ ઈન્સ્પેક્ટર રામ ગોજીયાએ જાણે કે કામરેજને ટ્રાફિકમુક્ત બનાવવાનું બીડું ઝડપી લીધું હોય એમ આવતાની સાથે જ પ્રથમ ટ્રાફિકને અડચણરૂપ ઓટો રિક્ષાઓને ડિટેઈનની કામગીરી કરવામાં આવી હતી. બાદ રવિવારે મોડી રાત્રે નો પાર્કિંગ ઝોનમાં રોડ પર લક્ઝરીના ચાલકો આડેધડ ઊભી રાખી મુસાફરો ભરતા હોવાથી કામરેજ ચાર રસ્તા પર અડધો રોડ દબાવીને પાર્કિંગ કરનારા બસના ચાલકો સામે બીએનએસની કલમ 285 મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી. 30થી વધુ બસના ચાલક સામે કાર્યવાહી કરવામાં આવતાં બસ ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. મોડી રાત્રે ખુલ્લા રહેતા ખાણીપીણાના લારીગલ્લાને પણ બંધ કરાવી દેતાં લોકોમાં પોલીસ માટે એક સારો સંદેશ જઈ રહ્યો છે.

વાલોડના સ્યાદલા ખાતે શબરી કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓની મતદાન જાગૃતિ રેલી

વાલોડઃ રાજ્ય ચૂંટણી આયોગ-ગાંધીનગર દ્વારા આગામી ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત વ્યારા નગરપાલિકા સહિત જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો માટે આદર્શ આચારસંહિતા અમલી બની છે. આ ચૂંટણી પર્વમાં ચૂંટણીલક્ષી તમામ તૈયારીઓની સાથે મતદારોની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા જિલ્લા વહીવટી તંત્ર સજ્જ છે. જેના ભાગરૂપે વાલોડના સ્યાદલા ખાતે કાર્યરત શબરી કન્યા છાત્રાલયની વિદ્યાર્થિનીઓ દ્વારા મતદાન જાગૃતિ રેલી યોજાઈ હતી. વિદ્યાર્થિનીઓએ 'મતદાન મારો અધિકાર' જેવાં પ્રેરક સૂત્રો સાથેના પ્લેકાર્ડ્સ અને બેનરો હાથમાં રાખી નાગરિકોને મતાધિકારના ઉપયોગ માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ રેલી ગામના મુખ્ય માર્ગો પર ફરી હતી, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક જોડાઈને લોકશાહીના મૂલ્યોનો સંદેશ ઘરે-ઘરે પહોંચાડ્યો હતો.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૪૯૭૮૪૫૬૯	હોમ લોન	૧. રાહુલ કુમાર ૨. મુન્ના કુમાર	૨૦.૦૩.૨૦૨૬	રૂ.૧૦,૩૦,૭૨૧,૨૯/-

મિલકત સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે મહેક રેસીડેન્સી -૨ તરીકે ઓળખાતો પ્લોટ નં. ૫૨૨ માપ ૪૮.૦૬ ચો.વાર એટલે ૪૦.૧૮ ચો.મી, વણવહેચાયેલ હિસ્સા સહિત માપ ૨૫.૭૬ ચો.મી જમીન સોસાયટી રોડ અને સી.ઓ.પી કુલ માપ ૬૫.૯૪ ચો.મી બિનખેતી જમીન બ્લોક નં. ૨૮૫, ૭/૧૨ મુજબ માપ હેર ૫ -૩૫-૨૦ ચો.મી એટલે ૫૩૫૨૦ ચો.મી મોજે ગામ. સીવણ, સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા : ઓલપાડ, જી.સુરત, ગુજરાત -૩૯૪૧૩૦ ખાતે આવેલ છે. :**ઉત્તર તરફ :** જોડેનો પ્લોટ નં. ૫૧૧,**દક્ષિણ તરફ :** જોડે નો સોસાયટી નો આતંરીક રોડ ,**પૂર્વ તરફ :** જોડેનો પ્લોટ નં. ૫૨૩ **પશ્ચિમ તરફ :** જોડેનો પ્લોટ નં. ૫૨૧ આવેલ છે.

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
તારીખ : ૦૭.૦૪.૨૦૨૬
સ્થળ : સુરત,ગુજરાત

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ-૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૨૭/૧૨/૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. જીતેન્દ્ર કુમાર કાંતી લાલ, ૨. હર્ષા દેવી જીતેન્દ્ર કુમાર,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૫૨,૯૭૬.૬૫/- (અંકે રૂપિયા તેર લાખ બાવન હજાર નવસો છોતેર અને પાંસઠ પૈસા પુરા) તા.૧૧.૧૨.૨૦૨૫ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૦૪થી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૧૩,૫૨,૯૭૬.૬૫/- (અંકે રૂપિયા તેર લાખ બાવન હજાર નવસો છોતેર અને પાંસઠ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'બ્લોસમ પાર્ક' તરીકે જાણીતો પ્રોજેક્ટ ના 'તુલીપ બિલ્ડીંગ', 'બી-ટાઈપની બિલ્ડીંગ', 'વિંગ-બી', ૧લા માળ (મંજૂર યોજના મુજબ ઉચ્ચ ગ્રાઉન્ડ ફ્લોર પર નો) ફ્લેટ નં. ૧૦૮ માપ ૫૩૫ ચો.ફૂટ એટલે કે ૪૯.૭૦ ચો.મીટર, બિલ્ટઅપ એરીયા માપ ૪૮૬.૯૩ ચો.ફૂટ એટલે ૪૫.૨૪ ચો.મી કારપેટ એરીયા ૨૨.૧૦ ચો.મી ભોયતળીયા ની જમીન ના પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત ,જેનું બાંધકામ બિનખેતી જમીન ઉપર થયેલ રેવન્યુ સર્વે નં. ૧૧૧/૧, પછી વિકસાવવામાં આવેલ ૭/૧૨ મુજબ બ્લોક નં. ૯૮ અને રેવન્યુ સર્વે નં. ૧૧૧/૨, પછી વિકસાવવામાં આવેલ ૭/૧૨ મુજબ બ્લોક નં. ૯૯ મોજે ગામ. કડોદરા, સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા પલસાણા, જી. સુરત, રાજ્ય : ગુજરાત, ગુજરાત- ૩૯૪૩૨૭ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** જોડેનો બ્લોક નં. ૮૪, **પશ્ચિમ તરફ :** જોડેનો રોડ, **ઉત્તર તરફ :** જોડેનો બ્લોક નં. ૧૦૦ અને ૧૦૧, **દક્ષિણ તરફ :** જોડેનો રોડ આવેલ છે.

તારીખ : ૦૪/૦૪/૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૬૮૯૨૩૦૪૪ અને ૬૮૯૧૮૯૦૪

સહિ/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૬૦૪૧૨૯૮૭ અને ૬૩૮૦૨૧૮૪	હોમ લોન	૧. અશોક પ્રજાપતિ ૨. લક્ષ્મણ પ્રજાપતિ ૩. પારસ દેવી	૧૮.૦૨.૨૦૨૬	રૂા.૧૨,૬૮,૪૭૦.૬૩/-

તમામ ભાગ અને હિસ્સો ધરાવતો વિજયા લક્ષ્મી રેસીડન્સી બિલ્ડીંગ એ નો બીજા માળ નો ફ્લેટ નં. એ/૨૦૩ માપ ૪૩.૮૫ ચો.મી. (બિલ્ટઅપ એરીયા) અને ૩૯.૬૧ ચો.મી (કારપેટ એરીયા) વણવહેચેલા હિસ્સા સહિત ની જમીન રેવન્યુ સર્વે નં. ૨૨૦/૨/એ, (જુનો રેવન્યુ સર્વે નં.૨૯૧) ટીપી સ્કીમ નં.૫૪ (ભેસ્તાન) ફાઈનલ પ્લોટ નં. ૫૦ મોજે ભેસ્તાન ,સુરત શહેર, જી.સુરત ગુજરાત-૩૯૪૨૧૦ જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** માર્જીન ની જગ્યા, **પશ્ચિમ તરફ :** બિલ્ડીંગ પેસેજ, **ઉત્તર તરફ :** ફ્લેટ નં. એ/૨૦૨, **દક્ષિણ તરફ :** ફ્લેટ નં. એ/૨૦૬ આવેલ છે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૨.	૪૫૩૪૮૫૮૦ અને ૫૧૬૭૨૫૩૦	હોમ લોન	૧. દિપેશ્વર ચોરસીયા ૨. પુષ્પા દેવી ચોરસીયા	૧૪.૦૩.૨૦૨૬	રૂા.૧૦,૦૧,૩૭૯.૪૦/-

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શ્રી વલ્લભ રેસીડન્સી' ના પ્લોટ નં. ૨૦૯ ની જગ્યા માપ ૪૮.૦૦ ચો.વાર એટલે કે ૪૦.૧૯ ચો.મીટર, ૨૪.૫૯ ચો.મીટર ના રોડ અને સીઓપી ના પ્રમાણ સર વણ વહેચાયેલ હિસ્સા સહિત નું બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં.૧૪૬/૨, ૧૪૯,જુનો બ્લોક નં. ૧૭૦ રી સર્વે પછી નવો બ્લોક નં. ૧૮૪ મોજે હલધરૂ સબ ડિસ્ટ્રીક અને તાલુકા કામરેજ, જી સુરત, ગુજરાત રાજ્ય-૩૯૪૩૧૦ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડે નો પ્લોટ નં. ૨૭૯, **પશ્ચિમ તરફ :** જોડે નો સોસાયટી નો આંતરીક રસ્તો, **ઉત્તર તરફ :** જોડે નો પ્લોટ નં. ૨૯૧, **દક્ષિણ તરફ :** જોડે નો પ્લોટ નં. ૨૮૯ આવેલ છે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૩.	૧૪૪૧૧૮૬૫૫	હોમ લોન	૧. મહેન્દ્ર યાદવ ૨. ચાંદની મહેન્દ્ર યાદવ	૨૧.૦૨.૨૦૨૬	રૂા.૧૧,૪૬,૬૩૯.૭૦/-

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે માનવ્ય રેસીડન્સી નો મર્જૂર થયેલ પ્લાન મુજબ એ ટાઈપ બિલ્ડીંગ નો પહેલા માળ નો ફ્લેટ નં. એ/૬ અને બુકીંગ મુજબ એ/૧૦-૧૦૮,માપ ૩૮૪.૦૬ ચો.ફૂટ એટલે કે ૩૫.૬૮ ચો.મી. (બિલ્ટઅપ એરીયા) અને ૩૫૪.૧૩ ચો.ફૂટ એટલે કે ૩૨.૦૯ ચો.મી. (કારપેટ એરીયા) મિલકત ના ૧૪.૭૭ ચો.મી. ના જમીન ના વણ વહેચાયેલ હિસ્સા સહિત બિન ખેતી જમીન બ્લોક નં. ૧૪૨, તેનો જમીન નો એકત્રી કરણ પછી નો નં. ૧૪૨/૨ મોજે ગામ કડોદરા, સબડિસ્ટ્રીક્ટ અને તાલુકા પલસાણા જીલ્લા સુરત, ગુજરાત-૩૯૪૩૨૭ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડે નો દાદર, **પશ્ચિમ તરફ :** જોડે નો ફ્લેટ નં. એ/૧-૧૦૭, **ઉત્તર તરફ :** જોડે નો રોડ, **દક્ષિણ તરફ :** જોડે નો પેસેજ આવેલ છે.

આથી તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
તારીખ : ૦૭.૦૪.૨૦૨૫
સ્થળ : સુરત, ગુજરાત.